પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૩૯ • કુલ પાના : ૪ • તારીખ : ૦૫-૧૦-૨૦૨૨ બુધવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ૭૦ વર્ષ સુધી ૩ પરિવારોએ રાજ કર્યું, હવે ૩૦ હજાર લોકો પાસે છે શાસન કરવાનો અધિકાર : અમિત શાહ



શ્રીનગર,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સોમવારથી જમ્મુ-કાશ્મીરના ૩ દિવસના પ્રવાસે છે. ગૃહમંત્રી અમિત શાહ રાજૌરીમાં રેલીને સંબોધન કર્યું છે. શાહે કહ્યું- ૩ પરિવારોએ જમ્મુ-કાશ્મીર પર ૭૦ વર્ષ સુધી શાસન કર્યું. લોકશાહીને માત્ર પોતાના પરિવારની જ બનાવી લીધી હતી. ત્રણ પરિવારોએ લોકશાહી અને પેઢીઓ સુધી શાસન કરવાનું બનાવી દીધુ હતુ.

શાહે વધુમાં કહ્યું- પહેલા જે અધિકાર ૩ પરિવાર પાસે હતો, આજે ૩૦ હજાર લોકોને તે અધિકાર મળ્યો છે. રેલીમાં મોદી-મોદીના નારા એ લોકો માટે જવાબ છે, જેઓ કહેતા હતા કે કલમ ૩૭૦ હટાવી દેવામાં આવશે તો આગ લાગી જશે અને લોહીની નદીઓ વહેશે. જો કલમ ૩૭૦ અને ૩૫૭ હટાવવામાં ન આવી હોત તો જમ્મુ-કાશ્મીરમાં ટ્રાઈબલ રિઝર્વેશન ન મળ્યું હોત.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૩ દિવસની મુલાકાતે જમ્મુ પ્રવાસે છે. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ તેમનું સ્વાગત કર્યું હતુ. ૪ ઓકટોબરની સવારે અમિત શાહે વૈષ્ણો દેવી મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. પૂજા કર્યા બાદ રાજૌરીમાં જનસભાને સંબોધી. આ સાથે ત્યાં અનેક વિકાસના પ્રોજેક્ટો પણ શરૂ કરવામાં આવ્યા હતાં

અમિત શાહે કહ્યું કે ઉપરાજ્યપાલ મનોજ સિન્હા જમ્મુ-કાશ્મીરમાં વિકાસના કામને આગળ વધારી રહ્યા છે. અહીં ૭૦ વર્ષ સુધી શાસન કરનારા ત્રણ પરિવારોને માત્ર પરિવારની ચિંતા હતી. અહીં માત્ર ત્રણ જ પક્ષોનું શાસન હતું જેને લોકોની ચિંતા ન હતી. તેમણે કહ્યું કે આ નરેન્દ્ર મોદીની સરકાર છે. તમારા અધિકારોને કોઈ દબાવી નહિ શકે.રાજૌરીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, જમ્મુ-કાશ્મીરમાં આજે રેલી, મોદી.... મોદીના નારા એ લોકો માટે જવાબ છે જે કહેતા હતા કે જો કલમ ૩૭૦ હટશે તો આગ લાગશે અને લોહીની નદીઓ વહેશે. તેમણે કહ્યું હતું કે, આજે નવરાત્રિનો છેલ્લો દિવસ છે, માતા વૈષ્ણોદેવીજીનાં દર્શન કર્યા પછી હું અહીં ખુશહાલ કાશ્મીરનાં આશીર્વાદ માંગીને આવ્યો છું.

રાજૌરી જિલ્લામાં સભાને સંબોધતા અમિત શાહે કહ્યું કે, ૭૦ વર્ષ સુધી ત્રણ પરિવારોએ જમ્મુ-કાશ્મીર પર રાજ કર્યું, લોકતંત્રનું નિર્માણ માત્ર તેમના પરિવારોમાં જ થયું. શું તમને બધાને ક્યારેય ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતનો અધિકાર મળ્યો છે? ત્રણ પરિવારોએ લોકશાહીને લોકોથી દુર રાખી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મંગળવારે મહાનવમીના અવસર પર જમ્મુ-કાશ્મીરના રિયાસી જિલ્લાના ત્રિકુટા પર્વત પર પ્રસિદ્ધ માતા વૈષ્ણો દેવી મંદિરમાં પૂજા અર્ચના કરી હતી, જેનો એક વીડિયો પણ સામે આવ્યો છે. શાહની સાથે ઉપરાજ્યપાલ મનોજ સિંહા અને કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્ર સિંહ પણ હતા. નવ દિવસના નવરાત્રી મહોત્સવના અંતિમ દિવસે માતાને જોવા માટે અમિત શાહ હેલિકોપ્ટર દ્વારા સાંઝી છત પહોંચ્યા હતા.

ગૃહમંત્રી અમિત શાહની જમ્મુ કાશ્મીરમાં મુલાકાત ને લઈને સુરક્ષા કારણોસર રજોરી જીલ્લામાં ઈન્ટરનેટ સેવા ઠપ કરવામાં આવી હતી. સુરક્ષા એજન્સી દ્વારા એવી આશંકા બતાવવામાં આવી હતી કે ઈન્ટરનેટનો ઉપયોગ દુર્ભાવનાપૂર્ણ દુરુપયોગ કરીને સાર્વજનિક વ્યવસ્થામાં ખલેલ પહોચાડી શકે છે. શાહની આ રેલી પહેલા જમ્મુ-કાશ્મીરના ડીજી જેલ એચકે લોહિયાનું ગળું કાપીને હત્યા કરવામાં આવી છે. તેના ઘરેલુ નોકર પર હત્યાની શંકા છે.

આ સાથે જ ત્યાં રહેતા પહાડી ભાષી લોકોને અનુસૂચિત જનજાતિનો દરજ્જો આપવાની જાહેરાત કરી શકાય છે. જમ્મુ અને કાશ્મીરના રાજૌરી, હંદવાડા, પૂંછ અને બારામુલ્લામાં પહાડી ભાષી લોકોની મોટી વસ્તી છે. ૫ ઓકટોબરે તેઓ શ્રીનગરના રાજભવનમાં યોજાનારી બેઠકમાં જમ્મુ-કાશ્મીરની સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરશે. શ્રીનગર અને બારામુલ્લામાં વિવિધ પ્રતિનિધિમંડળોને પણ મળશે. ગૃહમંત્રી અમિત શાહે મંગળવારે વૈષ્ણો દેવી મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. તેમની સાથે જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહા અને કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહ પણ હાજર હતા. શાહ સોમવારે રાત્રે જમ્મુમાં ડોગરા, ગુર્જર, બકરવાલ, પહારી સમાજ અને શીખ સમુદાયના પ્રતિનિધિઓને મળ્યા હતા.

૪ લાખથી વધુ પહાડી ભાષી વસ્તી ૧૯૬૫ થી માંગ કરી રહી છે કે તેમને એસટીનો દરજ્જો આપવામાં આવે. જો સૂત્રોનું માનીએ તો, ૧૯૬૫માં, જમ્મુ અને કાશ્મીર સરકાર દ્વારા એસટીનો દરજ્જો આપવા માટે કેટલીક જાતિઓની યાદી તૈયાર કરી ભારત સરકારને મોકલી હતી, જેમાં ગુર્જર, બકરવાલ અને અન્ય જાતિઓનો સમાવેશ થતો હતો. તે સમયે કોંગ્રેસની સરકાર હતી.

અમિત શાહે શ્રીનગરમાં ભાજપના અનેક નેતાઓને મળ્યા હતાં અને શ્રીનગરમાં શાહ ઉપરાજ્યપાલ મનોજ સિંહા સાથે ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભાગ લીધો હતો બેઠકમાં જમ્મુ-કાશ્મીર અને કેન્દ્રની પોલીસ, સીએપીએફઅને ગુપ્તચર એજન્સીઓ ના વરિષ્ઠ અધિકારીઓ હાજરી આપી હતી ગૃહમંત્રીના જમ્મુ- કાશ્મીરના પ્રવાસ પહેલા ૨૮ સપ્ટેમ્બરે ઉધમપુરમાં ૮ કલાકના અંદર બે બસોમાં બ્લાસ્ટ થયા હતા.

### ૩૦૦ કરોડની નકલી નોટોનું રેકેટ ઝડપાયું

## પહેલી રેડમાં ૨૫ કરોડ અને હવે સીધી ૩૧૬ કરોડની નકલી નોટો જપ્ત કરવામાં આવી હતી

### માસ્ટરમાઈન્ડ સહિત ૬ ઝડપાયા, વીડિયોમાં ફેક નોટો બતાવી લોકોને ઠગ્યા



સુરત,

સુરત જિલ્લા કામરેજ પોલીસે પહેલા અમદાવાદથી મુંબઈ તરફ જતા રોડ પર નવી પારડી ગામની સીમમાંથી ડુપ્લિકેટ નોટ ઝડપી હતી. ત્યારે આરોપીઓના ૨૫ કરોડના નકલી નોટોના કૌભાંડને પોલીસે બહાર પાડ્યો હતો. ત્યાર બાદ આજે ફરી ચલણી નોટના મામલે નવો ઘટસ્ફોટ થયો છે. જેમાં ૫૨ કરોડથી વધુની નકલી નોટનો રેલો ગુજરાત, મુંબઈ બાદ હવે દિલ્હી સુધી પહોંચ્યો છે. પોલીસે મુંબઈથી માસ્ટર માઈન્ડ વિકાસ જૈન સહિત ૬ લોકોને ઝડપી પાડ્યા હતાં અને પોલીસે અલગ અલગ જગ્યા પરથી ૩૧૬ કરોડ ૯૮ લાખની નકલી નોટ કબ્જે કરી છે.

ગત ૨૯મીના રોજ કામરેજના નવી પારડી ખાતેથી પોલીસે જામનગરની એક ચેરીટેબલ ટ્રસ્ટની એમ્બ્યુલન્સમાંથી કરોડોની ચલણી નોટો ઝડપી પાડી હતી. જે સમગ્ર પ્રકરણમાં એમ્બ્યુલન્સમાં ચાલક હિતેશના ઘરના પાછળના ભાગેથી સંતાડેલી ૫૨ કરોડથી વધુની ચલણી નકલી નોટો મળી આવી હતી. સમગ્ર મામલે તપાસ દરમિયાન આ બનાવટી નોટોના રેકેટે મુંબઈ તરફ વળાંક લીધું હતું અને મુંબઈ ખાતે મુખ્ય સૂત્રધાર વિકાસ જૈનનું નામ સામે આવ્યું હતું. મુંબઈ પોલીસે મુખ્ય મુખ્ય સૂત્રધાર વિકાસ જૈન સહિત ૬ લોકોની ધરપકડ કરી હતી. મુંબઈની વી.આર લોજીસ્ટિક કંપનીનો માલિક વિકાસ જૈન અને સાથી આરોપીઓએ અનેક લોકો સાથે છેતરપિંડી કરી હતી. જેઓ જેતે વ્યક્તિ સાથે ડિલિંગ કરતી વખતે અમુક રકમ એડવાન્સ ટોકન રૂપે લઈ લેતા હતાં. સાથે રાજકોટના એક વ્યાપારી સાથે એક કરોડથી વધુની ઠગાઈ કર્યાનું પણ બહાર આવ્યું છે.

સમગ્ર રેકેટમાં જયારે પહેલીવાર નોટો પકડાઈ ત્યારે તેઓ ફિલ્મોના શૂટિંગ માટે વાપરતા હોવાનું જણાવી પોલીસને ગુમરાહ કરી હતી. જોકે તાપસ દરમિયાન તાપસનો રેલો મુંબઈ પોહચ્યો હતો અને વી.આર લોજીસ્ટિક કંપનીનો મલિક વિકાસ જૈન આખું રેકેટ ચલાવતો હોવાનું બહાર આવ્યું હતું. જેમાં તેઓ ટ્રસ્ટનો ખોટી રીતે ઉપયોગ કરી બનાવટી નોટો અસલી તરીકે બતાવી બુકીંગના નામે લાખો રૂપિયા પડાવી લેતા હતા.

મુખ્ય સુત્રધાર વિકાસ જૈનએ ગુજરાત જ નહીં પરંતુ મુંબઈ, દિલ્હી તેમજ બેંગ્લોરમાં આખું નેટવર્ક ઉભું કર્યું હતું. તમામ રાજ્યોમાં મોંઘીદાટ ઓફિસો બનાવી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. સામાન્ય રીતે જો કોઈ વ્યક્તિ ટ્રસ્ટમાં દાન આપતા હોય તેમજ કોઈ જગ્યાએ નાણાંનું રોકાણ કરતા હોય એવી વ્યક્તિઓ ૫૦ ટકા રકમ કેસમાં પણ જોવા માંગતા, તો તેઓને આ આરોપીઓ વીડિયો કોલના મારફતે બનાવટી નોટો બતાવી વિશ્વાસમાં લેતા હતા. સમગ્ર મામલે ગ્રામ્ય પોલીસની સાથે બેંકર્સ તેમજ આર.બી.આઈની ટીમ પણ સતત તપાસનું મોનીટરીંગ કરી રહી છે. પકડાયેલા આરોપીઓના નામ (૧) હિતેષ પરસોત્તમ કોટળીયા (૨) દિનેશ લાલજી પોશીયા (૩) વિપુલ હરીશ પટેલ (૪) વિકાસ પદમચંદ જૈન (૫) દિનાનાથ રામનિવાર યાદવ (૬) અનુષ વિરનચી શર્માનો સમાવેશ થાય છે.

## ઉત્તરાખંડના હિમપ્રપાતમાં ૨૮ પર્વતારોહકો ફસાયા, ૧૦ના મોત ૧૮ ગૂમ થઈ ગયા



દહેરાદુન,

ઉત્તરાખંડમાં પર્વતારોહણ માટે ગયેલા ૨૮ ટ્રેકર્સ ફસાઈ ગયા છે અને તેમાંથી ૧૦ના મોત થયા છે, હજુ ૧૮ ગૂમ છે. યુદ્ધના ધોરણે બચાવ કામગીરી ચાલી રહી છે. ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં મંગળવારે એક મોટો અકસ્માત થયો હતો. અહીં દ્રૌપદીના ડાંડા-૨ પર્વત શિખર પર હિમપ્રપાતમાં ૨૮ ટ્રેકર્સ ફસાયા હતા. નેહરુ પર્વતારોહણ સંસ્થાનના આચાર્ય કર્નલ બિષ્ટે જણાવ્યું કે, હિમપ્રપાતમાં ફસાયેલા ૨૮ લોકોમાંથી ૧૦ના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. જોકે ૧૮ લોકો હજુ પણ ગુમ છે. એનડીઆરએફ,એસડીઆરએફ અને સેનાનું બચાવ અભિયાન ચાલી રહ્યું છે. ભારતીય વાયુસેનાએ ફસાયેલા પર્વતારોહકોને બચાવવા માટે ૨ ચિતા હેલિકોપ્ટર તહેનાત કર્યા છે.

અહેવાલ મુજબ, દ્રૌપદીના ડાંડા-૨ પર્વત ૫,૦૦૬ મીટરની ઉંચાઈ પર સ્થિત છે. ઉત્તરકાશી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓફિસર દેવેન્દ્ર પટવાલે જણાવ્યું હતું કે, હિમપ્રપાતમાં ફસાયેલાઓમાં નેહરુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ માઉન્ટેનિયરિંગના તાલીમાર્થી ક્લાઈમ્બર્સ અને તેમના પ્રશિક્ષકોનો સમાવેશ થાય છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ એક ટ્વીટમાં જણાવ્યું હતું કે, દ્રૌપદીના ડાંડા-૨ પર્વત શિખરમાં હિમપ્રપાતમાં ફસાયેલા તાલીમાર્થીઓને વહેલી તકે બચાવવા માટે જીલ્લા વહીવટીતંત્ર, એનડીઆરએફ, એસડીઆરએફ, એઆરએમવાય અને આઈટીબીપીના જવાનો, એનઆઈએમની ટીમ સાથે મળીને રાહત અને બચાવ કામગીરી હાથ ધરી છે. નહેરુ ઈન્સ્ટિટ્યૂટ ઑફ માઉન્ટેનિયરિંગના ૨૮ તાલીમાર્થીઓ હિમપ્રપાતને કારણે ફસાયા છે.

તેમણે ટ્વીટ કર્યું કે, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ સાથે વાત કર્યા બાદ અને બચાવ કાર્યને ઝડપી બનાવવા માટે સેનાની મદદ લેવાનો અનુરોધ કર્યો છે. જેના માટે અમને કેન્દ્ર સરકાર તરફથી શક્ય તમામ મદદ આપવાનું આશ્વાસન આપ્યું છે. તમામને બચાવવા માટે રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. ગૃહમંત્રી અમિત શાહે પણ ટ્વિટ કરીને માહિતી આપી હતી કે, ઉત્તરકાશીમાં હિમસ્ખલનની ઘટના ખૂબ જ દુઃખદ છે. મેં આ અંગે અધિકારીઓ સાથે વાત કરી છે. સ્થાનિક વહીવટીતંત્ર, એસડીઆરએફ,એનડીઆરએફ અને આર્મીની ટીમો સંપૂર્ણ તૈયારી સાથે રાહત અને બચાવ કામગીરીમાં લાગેલી છે. પર્વતારોહકોને બચાવવા માટે મોટાપાયે ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે, પરંતુ આ દરમિયાન હિમવર્ષા શરૂ થઈ ગઈ છે, જેના કારણે બચાવ કામગીરીની ગતિ ધીમી પડી ગઈ છે. હિમવર્ષાથી અભિયાનને અસર થવાની ધારણા છે.

મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ જણાવ્યું હતું કે દ્રૌપદીના ડાંડા ૨ પર્વત શિખરમાં હિમપ્રપાતને કારણે ઉત્તરકાશીની નેહરુ પર્વતારોહણ સંસ્થાના ૨૮ તાલીમાર્થીઓ ફસાયા હતા. કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ જી સાથે વાત કર્યા બાદ અને બચાવ કાર્યને ઝડપી બનાવવા માટે સેનાની મદદ લેવાનો અનુરોધ કર્યો હતો. તેમણે કેન્દ્ર સરકાર તરફથી તમામ શક્ય મદદ આપવાનું આશ્વાસન અપાયુ છે.સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે હિમસ્ખલનને કારણે જાનમાલના નુકસાન વિશે માહિતી આપતા મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

ઉત્તરાખંડના કેદારનાથ નજીક ૧ ઓક્ટોબરે ગ્લેશિયર ધસી જવાની ઘટના નોંધાઈ હતી. બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના અધ્યક્ષ અજેન્દ્ર અજયે જણાવ્યું હતું કે, હિમાલય વિસ્તારમાં સવારે હિમપ્રપાત થયો હતો, પરંતુ કેદારનાથ મંદિરને કોઈ નુકસાન થયું નથી. બરફના પહાડના લપસી જવાનો વીડિયો પણ સામે આવ્યો હતો, જેમાં બતાવવામાં આવ્યું હતું કે બરફનો પહાડ જોતજોતામાં જ ધરાશાયી થઈ ગયો હતો.

## અમદાવાદમાં આકાશમાં ફાઈટર વિમાનોના કરતબ યોજાશે

અમદાવાદ,

ગુજરાતમાં ૧૮ ઓક્ટોબરથી ચાર દિવસનો ડિફેન્સ એક્સ્પો યોજાશે જેમાં વિશ્વભરના ફાઇટર વિમાનો અને તેની કંપનીઓ આવશે, ખાસ તો આ એક્સ્પો દરમિયાન અમદાવાદના આકાશ માં લડાકુ વિમાનના કરતબ જોવા મળશે, જે અમદાવાદીઓ માટે મોટો લ્હાવો છે.

ગુજરાતમાં તા.૧૮ ઓકટોબરથી ચાર દિવસમાં ડીફેન્સ એકસપો યોજાશે જેમાં ભારત સહિત દુનિયાભરની શસ્ત્ર નિર્માણ કંપની આવશે આ ઉપરાંત અમદાવાદમાં સાબરમતી રીવર ફ્રન્ટ પર ફાઈટર જેટની મદદથી એર શો યોજવાની પણ તૈયારી છે જેમાં ભારતીય હવાઈદળના વિમાનો અલગ અલગ કરતુત બતાવશે.

ગુજરાતમાંપ્રથમ વખત આવો એર શો યોજાશે જે થોડા કલાકોનો હશે. ડીફેન્સ એકસપોનો પ્રારંભ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરાવશે અને સંરક્ષણ મંત્રી રાજનાથસિંઘ પણ હાજર રહે તેવી શકયતા છે. રાજયમાં અગાઉ માર્ચ મહિનામાં ડીફેન્સ એકસપોનું આયોજન થયું હતું પરંતુ યુક્રેન, રશિયા યુદ્ધના કારણે તે મુલત્વી રખાયો હતો.

## નૌસેનાનું મોટું ઓપરેશન, ઈરાનથી આવી રહેલી બોટમાંથી રૂ.૧,૦૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપ્યું



પોરબંદર,

ભારતીય નૌસેનાએ દરિયામાં એક ભારે મોટું ઓપરેશન પાર પાડ્યું છે. નેવીએ ઈરાનથી ડ્રગ્સનો ભારે મોટો જથ્થો લઈને નીકળેલી બોટને ઝડપી પાડી છે. બોટમાંથી આશરે ૧,૦૦૦ કરોડ રૂપિયાનું મૂલ્ય ધરાવતો ૨૦૦ કિગ્રા ડ્રગ્સનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. તે બોટ ઈરાનથી નીકળી હતી અને તે સમયે તેમાં ૪ લોકો સવાર હતા. ત્યાર બાદ પાકિસ્તાનથી તેમાં વધુ ૨ લોકો સવાર થયા હતા. નૌસેનાએ ડ્રગ્સના આ ભારે મોટા જથ્થા સાથે ૬ લોકોને ઝડપી લીધા છે અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અન્ય એક ઓપરેશનમાં ભારતીય નૌસેનાએ એનસીબી સાથે મળીને જામનગરમાંથી આશરે ૬ કરોડ રૂપિયાનો નાર્કોટિક્સનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કેસમાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. ઉપરાંત મુંબઈના નાર્કોટિક્સ ઉત્પાદન યુનિટને જપ્ત કરીને અન્ય ૩ લોકોની પણ ધરપકડ કરવામાં આવી છે.

## આગામી તા.૧૪થી ૧૫ ઓક્ટોબર દરમિયાન ગરીબ કલ્યાણ મેળાનાં ૧૩મા તબક્કાનું રાજ્યવ્યાપી આયોજન થશે

ગાંધીનગર,

આગામી તા.૧૪ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન ગરીબ કલ્યાણ મેળાનાં ૧૩માં તબક્કાનું રાજ્યવ્યાપી આયોજન કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તા.૧૪મી ઓક્ટોબરે તાપીથી અને તા.૧૫મી ઓક્ટોબરે ગીર સોમનાથથી રાજ્ય કક્ષાના ગરીબ કલ્યાણ મેળાનો શુભારંભ કરાવશે. તે ઉપરાંત જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં જિલ્લા પ્રભારી મંત્રીઓ તથા પદાધિકારીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ માહિતી આપતા શિક્ષણ મત્રી વાઘાણીએ કહ્યુ છે કે, રાજ્ય સરકારની વિવિધ વ્યકિતલક્ષી સહાયના લાભો ગરીબ કલ્યાણ મેળાના માધ્યમ દ્વારા લાભાર્થીઓને એક જ સ્થળે પુરા પાડવા અને જરૂરિયાતમંદોને લાભો પહોંચે તે માટે વચેટિયાઓને દૂર કરી સીધા પારદર્શી રીતે લાભો મળી રહે તે હેતુસર વર્તમાન વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૯-૧૦થી ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ કરાવી આ નવતર અભિગમ વિકસાવ્યો હતો.

તેમણે કહ્યું હતું કે અત્યાર સુધી ૧૨ તબક્કાઓનું આયોજન થઈ ચૂક્યું છે. જેમાં કુલ ૧૫૬૭ ગરીબ કલ્યાણ મેળાઓ થકી ૧.૬૫ કરોડ લાભાર્થીઓને રૂ. ૩૪,૫૯૬ કરોડથી વધુ રકમની સાધન-સહાય પૂરી પાડવામાં આવી છે. આ ૧૩માં તબક્કામાં લાભાર્થીઓ-દરિદ્રનારાયણને કરોડો રૂપિયાના સાધન-સહાય અને વ્યક્તિગત સહાયનું રાજ્યવ્યાપી વિતરણ થવાનું છે. ૩૩ જિલ્લાઓમાં ૩૭ ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળાઓમાં અપાતી સાધન સહાયમાં મળતા સાધનો ગુણવત્તાયુક્ત પુરા પાડવામાં આવે તેની ખાસ તકેદારી રાખવા મુખ્યમંત્રી કક્ષાએથી સંબંધિતોને સુચનાઓ આપવામાં આવી છે.

## બેકાબૂ સરમુખત્યાર કિમ જોંગ ઉન, જાપાન પર મિસાઈલ છોડી



ટોકયો,

ઉત્તર કોરિયાએ તેના શસ્ત્રોના પરીક્ષણોની શ્રેણીમાં જાપાન પર મિસાઈલ છોડ્યું. ઉત્તર કોરિયાએ પ્રશાંત મહાસાગરમાં જાપાન ઉપર ફાયરિંગ કર્યું હતું. કિમ જોંગ ઉનના આ કૃત્યથી જાપાનમાં ખળભળાટ મચી ગયો હતો. જાપાનના વડાપ્રધાન ફ્યુમિયો કિશિદાએ ઉત્તર કોરિયાના મિસાઈલ પરીક્ષણની નિંદા કરી છે. જાપાનના કેટલાક વિસ્તારોમાં સાવચેતીના ભાગરૂપે ટ્રેનોને રોકવામાં આવી છે. અહેવાલો અનુસાર, ઉત્તર કોરિયાએ ૧૦ દિવસમાં આ પાંચમું બેલેસ્ટિક મિસાઈલ પરીક્ષણ કર્યું છે. એવી અટકળો છે કે સરમુખત્યાર કિમ જોંગ ઉન પાંચ વર્ષમાં તેમના પ્રથમ પરમાણુ પરીક્ષણની તૈયારી કરી રહ્યા છે. ઉત્તર કોરિયાની મિસાઈલ જાપાની કોસ્ટ ગાર્ડ અને દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફે શોધી કાઢી હતી. આ પછી ઉત્તર જાપાનના રહેવાસીઓને સલામત સ્થળોએ આશરો લેવાની સલાહ આપવામાં આવી છે. ઉત્તર-પૂર્વ હોક્કાઈડો અને ઓમોરી વિસ્તારોમાં ટ્રેન સેવાઓ અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી છે. આ પહેલા ૨૦૧૭માં ઉત્તર કોરિયાએ જાપાન ઉપર મિસાઈલ છોડી ત્યારે આવું કૃત્ય કર્યું હતું. જાપાનના વડા પ્રધાન ફ્યુમિયો કિશિદાએ ઉત્તર કોરિયાના પગલાંને 'અસંસ્કારી' ગણાવ્યું હતું. યોનહાપ ન્યૂઝ એજન્સી અનુસાર, દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ યુન સુક યોલે આકરી પ્રતિક્રિયાની ચેતવણી આપી છે. ઉત્તર કોરિયાના મિસાઈલ પરીક્ષણ બાદ જાપાન અને દક્ષિણ કોરિયાએ પોતપોતાની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદની બેઠક બોલાવી છે. જાપાનના પબ્લિક બ્રોડકાસ્ટર એનએચકેએ જણાવ્યું હતું કે મિસાઈલ લગભગ ૪,૦૦૦ કિમી સુધી ઉડી હતી અને ૧,૦૦૦ કિમીની ઊંચાઈએ પહોંચી હતી, લગભગ ૨૨ મિનિટ હવામાં રહ્યા બાદ પ્રશાંત મહાસાગરમાં ઉતરી હતી. તેને ચીનની સરહદ નજીક ઉત્તરથી લોન્ચ કરવામાં આવ્યું હતું. દક્ષિણ કોરિયાની સેનાએ કહ્યું કે તેણે એક શંકાસ્પદ મધ્યમ રેન્જની બેલેસ્ટિક મિસાઈલ શોધી કાઢી છે જે આજે સવારે લગભગ ૭:૨૩ વાગ્યે જગાંગ પ્રાંતના મુપ્યોંગ-રી વિસ્તારમાંથી છોડવામાં આવી હતી અને પૂર્વ દિશામાં જાપાનની ઉપરથી પસાર થઈ હતી. અહેવાલો અનુસાર, અમેરિકા અને દક્ષિણ કોરિયા દ્વારા સંયુક્ત સૈન્ય અભ્યાસને ધ્યાનમાં રાખીને પ્યોંગયાંગ તેના બેલિસ્ટિક મિસાઈલ પરીક્ષણોને હુમલા માટેનું રિહર્સલ માને છે. શનિવાર (ઓક્ટોબર ૧), યુએસ અને દક્ષિણ કોરિયાએ સશસ્ત્ર દળો દિવસની ઉજવણી કરતી સંયુક્ત કવાયતમાં તેમના અદ્યતન શસ્ત્રોનું પ્રદર્શન કર્યું.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક ૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

પટેલ કમલેશકુમાર લક્ષ્મણસિંહ

તરફથી અભીનંદન....

મુ. પટેલ ફળીયું-ભથવાડા, તા. દે.બારીઆ, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક ૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

પટેલ ગીતાબેન મનસુખભાઈ

તરફથી અભીનંદન....

મુ. પટેલ ફળીયું-રેઠાણા, તા. દે.બારીઆ, જી. દાહોદ

ઓન લાઈન ટેન્ડરીંગ

માર્ગ અને મકાન વિભાગ

જાહેર નિવિદા-૨૬ સને : ૨૦૨૨-૨૩

ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા.અને મ.વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા-૩૮૯૦૦૧ જિ.પંચમહાલ ફોન નં.(૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી મકાનોનાં ત્રણ કામો માટે ઓન લાઈન ટેન્ડરો, બી-૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂા.૨૨.૫૦ લાખ થી રૂા.૪૨.૫૮ લાખની વચ્ચેનાં છે.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામો માટેના ટેન્ડર ડોકયુમેન્ટ વેબસાઈટ https://rnb.nprocure.com પર તા.૧૭.૧૦.૨૦૨૨, ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. અને તા.૧૭.૧૦.૨૦૨૨, ૧૮:૦૦ કલાક સુધી ઓન લાઈન ભરવાના રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાંધવા વિનંતી છે.

માહિતી/ગોધરા/૬૦૭/૨૦૨૨

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## ફતેપુરા તાલુકાના સુખસર ખાતે આવેલ

# રાઉન્ડ ફોરેસ્ટ કચેરીના કર્મચારીઓના મનસ્વી વહીવટથી કાર્યાલય ઝાડી ઝાંખરાઓમાં સંતાઈ..!?

- સુખસર ખાતે ૪૫ ગામડાઓની વચ્ચે આવેલ રાઉન્ડ ફોરેસ્ટ કચેરીના મહિનાઓથી તાળા વાગેલા હોઈ ચારે બાજુ ઝાડી ઝાંખરા ફૂંટી નીકળ્યા છે.
- સુખસર રાઉન્ડ ફોરેસ્ટ કચેરીના કર્મચારીઓ ફતેપુરા ફોરેસ્ટ ઓફિસમાં બેસી વહીવટ કરતા હોય કર્મચારીઓ વિના સુખસર વિસ્તાર.
- સુખસર વિસ્તારના લખણપુર, જવેસી, મારગાળા, સાગડાપાડા, મોટીઢઢેલી જેવા જંગલ વિસ્તારો ફોરેસ્ટ ખાતાના કર્મચારીઓની બેદરકારીથી નામશેષ થવાની દિશામાં.

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં સારા એવા પ્રમાણમાં જંગલ વિસ્તાર વિસ્તારી શકાય તેવી જંગલ વિસ્તારની જમીન આવેલી છે. ફોરેસ્ટ વિસ્તારના વિકાસ માટે સરકાર વર્ષે કરોડો રૂપિયા ખર્ચ પણ કરી રહી છે છતા ખર્ચની સામે જંગલ વિસ્તારનો વિકાસ થવો જોઈએ તેની જગ્યાએ વર્ષો વર્ષ જંગલ વિસ્તારમાં રહ્યા વૃક્ષો નામશેષ થઈ રહ્યા છે અને બોડા ડુંગરોનો વિસ્તાર વધતો જાય છે. સાથે-સાથે વર્ષો વર્ષ વૃક્ષોના વાવેતર પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવતો હોવા છતાં વાવેતર કરવામાં આવેલ વૃક્ષોનું જતન કરવામાં નહીં આવતા વૃક્ષોની વૃદ્ધિ થઈ શકતી નથી અને દર વર્ષે એકને એક જગ્યાએ વૃક્ષોના વાવેતર પાછળ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. ત્યારે વન વિસ્તારના વિકાસ માટે જવાબદારો દ્વારા ધ્યાન આપી નામશેષની દિશા તરફ જઈ રહેલા વનવિસ્તાર સહિત વન ખાતાને બચાવવા ધ્યાન આપવાની ખૂબ જ જરૂરત જણાઈ રહી છે.

ફતેપુરા તાલુકાના લખણપુર, જામ્બાસર, જવેસી, મારગાળા, સાગડાપાડા, મોટીઢઢેલી જેવા ગામડાઓની સરહદો ઉપર સારા એવા પ્રમાણમાં જંગલ વિસ્તાર વધારી શકાય તેવી સરકારી જમીનો આવેલી છે અને આ વિસ્તારોમાં અગાઉ તમામ વૃક્ષો સહિત ઈમારતી વૃક્ષો પણ આવેલા હતા. પરંતુ થોડા વર્ષોથી જંગલ વિસ્તારના વિકાસ માટે ફરજ બજાવતા કર્મચારીઓ દ્વારા નિષ્ક્રિયતા દાખવવામાં આવતા જંગલ વિસ્તારો નામશેષ થઈ બોડા ડુંગરોમાં ફેરવાઈ ગયા છે. તેમજ આ જગ્યા ઉપર વર્ષો વર્ષ વૃક્ષોનું વાવેતર પણ કરવામાં આવે છે. પરંતુ તેની માવજતના અભાવે વૃક્ષોની વૃદ્ધિ થઈ શકતી નથી. ત્યારે ફોરેસ્ટ ખાતાના ઉચ્ચ અધિકારીઓ ધ્યાન આપે અને નામશેષ થતા જંગલ વિસ્તારને બચાવે તે સમયની માંગ છે. અહીંયા જણાવવું જરૂરી છે કે, સુખસર વિસ્તારમાં ૪૫ જેટલા ગામડાઓનો સમાવેશ કરવામાં આવેલો છે.અને આ વિસ્તારના ગામડાઓ માટે સુખસર ખાતે રેન્જ ફોરેસ્ટ કચેરી આવેલી છે.અગાઉ આ કચેરીમાં ફોરેસ્ટ કર્મચારીઓ હાજર રહેતા હતા.પરંતુ છેલ્લા એક વર્ષ ઉપરાંતથી સુખસર વિસ્તારમાં ફરજ બજાવતા ફોરેસ્ટના કર્મચારીઓ કચેરીને તાળા મારી ફતેપુરા ફોરેસ્ટ ઓફિસ ખાતે બેસી કામગીરી કરી રહ્યા છે.જ્યારે સુખસર ખાતે આવેલ કચેરીની ચારે બાજુ ઝાડીઝાખરાં ફૂટી નીકળતા હાલ કચેરીની બદતર હાલત જોવા મળે છે.ત્યારે સુખસર વિસ્તારમાં ફોરેસ્ટ ખાતામાં ફરજ બજાવતા જવાબદાર કર્મચારીઓ નિયમિત કચેરી ખાતે હાજર રહી નામ શેષની દિશા તરફ જઈ રહેલા વનવિસ્તારને વધારવા કામે લાગી જાય તે ખૂબ જ જરૂરી જણાઈ રહ્યું છે.

આમ,સુખસર વિસ્તારના વન વિસ્તારમાં ફરજ બજાવતા કર્મચારીઓ પોતાની ફરજના સ્થળે હાજર નહીં રહેતા તેમના ઉપરી અધિકારીઓની મહેરબાનીથી મનસ્વી વહીવટ ચલાવી રહેલ હોય જંગલ વિસ્તારનો વિકાસ રૂંધાઈ રહ્યો છે. જેને ધ્યાને લઈ જંગલ વિસ્તારમાં નવીન વૃક્ષોનું વાવેતર કરી તેની માવજત કરવામાં આવે તો જંગલ વિસ્તારનો વિકાસ વિસ્તાર પામી શકે તેમ છે નહીં તો ફતેપુરા તાલુકાના સુખસર વિસ્તારના લોકોને જંગલોના દર્શન દુર્લભ થઈ પડશે. જેથી આ વિસ્તારમાં ફોરેસ્ટ ખાતાના કર્મચારીની પણ કોઈ જરૂરિયાત રહેશે નહીં અને પ્રજા કહેશે ડુંગર દૂરથી નહીં નજીકથી રળિયામણા..!

## દાહોદ જિલ્લાના સાંસદ દ્વારા ઝાલોદ નગરમાં નવરાત્રિના ઉત્સવ પર હાજર રહી આરતી અને શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું



દાહોદ,

સોમવારના રોજ નવલી નવરાત્રીના દુર્ગા અષ્ટમીના રોજ પુર્વ કેન્દ્રીય મંત્રી તેમજ દાહોદના લોકલાડીલા સાંસદ માન્ય જસવંત સિંહ ભાભોર તથા જીલ્લા મહામંત્રી નરેન્દ્રભાઈ સોની, પૂર્વ ડી.આઈ. જી બી.ડી વાઘેલા, પૂર્વ જીલ્લા મહામંત્રી મુકેશભાઈ કર્ણાવટ, ઝાલોદ નગરના ભરત ટાવર તથા લુહારવાડા ખાતે ગરબામાં પધારી માઁ અંબાની આરતી કરી શસ્ત્ર પુજનનો લાભ લીધો હતો. તેમજ નવલી નવરાત્રીના ગરબા જોવાનો લ્હાવો સહુ કાર્યકર્તાઓ સાથે લીધો હતો.

આયોજક મિત્રો દ્વારા ગરબામાં પધારેલા સાંસદનું ફૂલહાર તથા સાલ ઓઢાડી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પંસગે ઝાલોદ શહેર પ્રમુખ દિનેશભાઈ પંચાલ, મહામંત્રી અનુપ પટેલ, પૂર્વ નગર પાલિકા પ્રમુખ અગ્રેશભાઈ પંચાલ, નગર પાલિકા કાઉન્સિલર રાજેશભાઈ ભાભોર, રાજુભાઈ વાઘેલા, જીલ્લા એસ.સી. મોરચા પ્રમુખ જીતેન્દ્ર માળી, જીલ્લા યુવા મોરચા ઉપપ્રમુખ દુર્ગેશ ઠક્કર, યુવા મોરચા પ્રમુખ સંતોષ ભગોરા, શહેર ઉપપ્રમુખ ચંદુભાઈ પારગી, ધીરજ પરમાર, શહેર મંત્રી કોલેશ ઉપાધ્યાય, ઝાલોદ ગ્રામ્યના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ ડામોર, બંક્ષીપંચ મોરચા પ્રમુખ કેતન પંચાલ, મહિલા મોરચા પ્રમુખ રીટાબેન સોલંકી, મહામંત્રી જીગ્નીશાબેન પંચાલ તથા મોટી સંખ્યામાં કાર્યકર્તા મિત્રો હાજર રહ્યા હતા.

## દે.બારીયા નગર પાલિકાના દ્વારા તહેવારોને જોઈને દૈનિક પાણી પુરવઠો આપવામાં આવે છે પરંતુ દુષિત પાણીની સમસ્યા હલ થતી નથી



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ


દે.બારીયા,

દે.બારીયા નગર પાલિકાના પાણી પુરવઠા વિભાગના દ્વારા નવરાત્રી, વિજય દશમી ત્યારબાદ દિવાળીનો પર્વ આવે છે. તેને ધ્યાને લઈને તમામ વિસ્તારોમાં દૈનિક પાણી પુરવઠો આપવાનું છેલ્લા ૧૦-૧૨ દિવસ થી શરૂ કરાયું છે. તે સારી બાબત છે પરંતુ શહેર એક ચોથાઈ વિસ્તારોમાં દુષિત પાણીની સમસ્યા જ્યાંની ત્યાં જ છે. તેનો હલ છેલ્લા ઘણા વર્ષોથી છે. તેના ઉપર કોઈ જ ધ્યાન આપવામાં આવતું નથી કેમ એ મોટો સવાલ ઉપસ્થિત પામ્યો છે. હાલમાં પણ રેટીયાપોળ, પારેખ શેરી, કસ્બા, મની ફળીયા, ખોખા બજાર જેવા વિસ્તારોમાં દુષિત પાણી હાલમાં આવે છે. તે નળ સે જલની યોજના આપવાની ડબલ એન્જીનવાળી સરકાર સંવેદનશીલ સરકારના રાજમાં આ હકીકત છે અને તે શોભે પણ ખરું ? તે યક્ષ પ્રશ્ન છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા નગર પાલિકા હસ્તક પાણી પુરવઠા શાખાના દ્વારા જ મોટી પાઈપ લીકેજ હતી. જેના દ્વારા પાણી સ્ટેશન શેરી તરફ રીપેર કાર્ય કરી બતાવ્યું તે બિરદાવવા લાયક છે. તો જે જે વિસ્તારોમાં દુષિત પાણી પુરવઠો અપાય છે. તેવા વિસ્તારોમાં માટે વાલા દવલાની નીતિ અપનાવાઈ રહી છે.

આ દુષિત પાણી કાદવ કીચડવાળું નળમાં શરૂઆતમાં આવે છે. વોટર ફિલ્ટર મશીનને કરોડોના ખર્ચે વસાવવામાં આવ્યો છે. તેને કેમ કાર્યરત કરાતો નથી. ટાંકીઓમાં કીચડ જામી ગયો હોય તેને સાફસફાઈ કરાવાયું પાણીની પાઈપોમાં કાદવ-કીચડ જામી ગયો હોય તો તે પાઈપો કેમ બદલવામાં આવતી નથી. તેવા અનેક પ્રશ્નાર્થો ઉભા થાય છે. હાલમાં જ બે દિવસ અગાઉ એક સાશક પક્ષના નગર પાલિકા સભ્યએ આત્મવિલોપનનો હથકન્ડો અપનાવીને ભાજપ શાસીત નગર પાલિકામાં ખળભળાટ મચાવી નાખ્યો હતો. આવું પગલું કોઈ બીજો સભ્યના અપનાવે તેવી આશા છે. જેથી દુષિત પાણીની ગંભીર સમસ્યા છે. તે દુર થાય તેવા યુધ્ધના ધોરણે કાર્ય કરવું રહ્યું પરંતુ હાલમાં છેલ્લા ૧૦-૧૨ દિવસ થી દૈનિક પાણી પુરવઠો આપવામાં આવે છે. તે ખરેખર દે.બારીયા શહેરની આમ, જનતા આવકારદાયક પગલું માને છે.

## જેસાવાડા ગામે નવરાત્રીની રંગત સાથે અષ્ટમીનું શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું



દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના જેસાવાડા ગામે ચોકમાં નવરાત્રીનું આયોજન મુખ્ય આયોજક ઉમેશભાઈ કટારા એ આરતી ઉતારી હતી. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા શસ્ત્ર પૂજન વિશ્વ હિન્દુ પરિષદના કેન્દ્રીય ટ્રસ્ટી અને દક્ષિણ ગુજરાત પ્રાંતના ઉપાધ્યક્ષ ડૉ.ગીરીશભાઈ નળવાયાની ઉપસ્થિતિમાં ગરબા આરતી શસ્ત્ર પૂજાનો કાર્યક્રમ યોજાયો હતો. ત્યારબાદ તેઓએ ભીલ સેવા મંડળ સંચાલિત યશવાટિકા કન્યા છાત્રાલયમાં ચાલતા ગરબા અષ્ટમીના હવન યજ્ઞ અને આરતીનો લાભ લીધો હતો તથા ૯૭ દુર્ગાવાહિની બહેનોને પ્રસંગને અનુરૂપ સમજ આપી હતી. ત્યાર પછી તેઓએ ચાંદાવાડા ગામમાં માતાજીના મંદિરે ચાલતા ગરબા યજ્ઞ હવન આરતીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમની સાથે ભુતવડ પ્રાથમિક શાળાના આચાર્ય કિરણસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

## ફતેપુરા નગરમાં નવરાત્રી પર્વ દરમિયાન મન મૂકીને ગરબા રમતા ખેલૈયાઓ



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા નગરના માતાજીના મંદિરમાં નવરાત્રીના ગરબાની રમઝટ માનતા ખેલૈયાઓ. કોરોના કાલના બે વર્ષ પછી નવરાત્રીના તહેવાર આવતો હોય બે વર્ષ પછી ગરબા રમવાનો લાહવો મન મૂકીને ખેલૈયાઓ લઈ રહ્યા છે. આજરોજ નવરાત્રીનો આઠમો દિવસ હોય માતાજીના મંદિરમાં હવનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો અને ત્યારબાદ અંબે માતાની આરતી કરવામાં આવી હતી. માઁ અંબે માતાની આરતીમાં દાહોદ જિલ્લાના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી જશવંતસિંહ ભાભોર, દાહોદ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શંકરભાઈ અમલીયાર ભાગ લઈ માઁ અંબે માતાની આરતી કરેલ હતી. ફટાકડા ફોડી હવનના કાર્યક્રમ કરવામાં આવેલ હતો. ફતેપુરા નગરમાં નવરાત્રીના દિવસોમાં મોડી રાત સુધી ચાલતા ગરબાની રમઝટ મન મૂકીને ખેલૈયા ગરબાની રમઝટ માણી.

## ઝાલોદ નગરમાં પોલીસની સતર્કતાને લીધે મોટા પ્રમાણમાં મુદ્દામાલ સાથે દારૂનો જથ્થો પકડાયો



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ નગરમાં રાજસ્થાન સરહદે આવેલ ધાવડીયા ચેક પોસ્ટ પર તારીખ ૦૩-૧૦-૨૦૨૨ મંગળવારના રોજ બપોરે ૩:૪૫ કલાકની આજુબાજુ ગેરકાયદેસર રીતે એક આઈસર ટ્રક GJ.08.AU.8748 માં ભારતીય બનાવટનો ઈંગ્લિશ દારૂનો ૫,૫૩,૧૫૨ રૂપિયાનો જથ્થો, મોબાઈલની કીમત ૩૦૦૦, તેમજ આઈસરની કિંમત અંદાજીત ૫,૦૦,૦૦૦ થઈ ૧૦,૫૬,૧૫૨ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં ઝાલોદ પોલીસને સફળતા મળેલ છે.

આગામી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો પર પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવાની સૂચના અંતર્ગત બાતમીના આધારે મોનાડુંગર થી આવતી આઈસર ટ્રક ધાવડીયા ચેક પોસ્ટ પરથી પસાર થતી હતી. ત્યાં રોકતા ચેકિંગ કરતા તેમાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ ઝડપી પાડવામાં આવ્યો હતો. ઝાલોદ પોલિસ દ્વારા ડ્રાઈવર નારાયણલાલ પ્રભુલાલ શર્મા અને કમલેશ બળદેવભાઈ શર્માની અટક કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે. આમ, ઝાલોદ પોલીસની સતર્કતાના કારણે મોટી સફળતા મળેલ છે.

## દાહોદ યાદગાર ચોક ખાતે બાઈક ચોરી કરતાં ઈસમને રંગે હાથે ઝડપ્યો

દાહોદ,

દાહોદ શહેરમાં ચોવીસે કલાક ધમધમાતા એવા યાદગાર ચોક ખાતે સમી સાંજને સમયે મોટરસાઈકલ ચોરી કરવાની કોશિષ કરતા એક શખ્સને સ્થાનીકોએ રંગેહાથે ઝડપી પાડી પોલીસને હવાલે કર્યાનું જાણવા મળ્યું છે.

ગત તા.૦૩ ઓક્ટોમ્બરના રોજ દાહોદ શહેરના માળીના ટેકરા ઉપર સ્મશાન રોડ ખાતે રહેતાં જુનેદ જાકીર કુરેશી યાદગાર ચોક ખાતે કોઈ કામ અર્થે આવ્યાં હતાં અને પોતાની મોટરસાઈકલ યાદગાર ચોક ખાતે લોક મારી પાર્ક કરી હતી ત્યારે દાહોદ તાલુકાના રળીયાતી ગામે સરદારવાસ ખાતે રહેતો મુકેશભાઈ સીસ્કાભાઈ પરમારે લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલની ચોરી કરવાની કોશિષ કરતાં જુનેદભાઈ જોઈ ગયાં હતાં અને બુમાબુમ કરી મુકતાં આસપાસના લોકો પણ દોડી આવી મુકેશભાઈને રંગેહાથે ઝડપી પાડી પોલીસને હવાલે કર્યો હતો.

આ સંબંધે જુનેદ જાકીર કુરેશીએ દાહોદ એ. ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંજેલીમાં રસ્તે ચાલતી જતી મહિલાની ત્રણ ઈસમોએ છેડતી કરી અપહરણના પ્રયાસ કરતાં ચકચાર

દાહોદ,

દાહોદ જિલ્લાના સંજેલી નગરમાં રસ્તે ચાલતી જતી એક ૨૦ વર્ષીય પરણિતાને મોટરસાઈકલ પર આવેલ ત્રણ જેટલા ઈસમોએ મહિલાની છેડતી તેમજ ખેંચતાણ કરી નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

ગત તા.૦૨ ઓક્ટોમ્બરના રોજ સંજેલી તાલુકામાં રહેતી એક ૨૦ વર્ષીય પરણિતા દુકાનેથી ચાલતી પોતાના ઘરે સંજેલી નગરથી પસાર થઈ રહ્યાં હતા. તે સમયે એક મોટરસાઈકલ પર સવાર થઈ આવેલ હર્ષદભાઈ રમણભાઈ ચારેલ તથા તેની સાથે અન્ય બે ઈસમોએ ૨૦ વર્ષીય પરણિતાને રસ્તામાં રોકી માથાના વાળ ખેંચી, પહેરેલ કપડાની ખેંચતાણ કરતાં પરણિતાએ બુમાબુમ કરી મુકતાં ઉપરોક્ત ત્રણેય ઈસમો મોટરસાઈકલ લઈ નાસી જતાં આ સંબંધે છેડતીનો ભોગ બનેલ પરણિતાએ સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીઆમાં દશેરના મેળામાં આહાર દ્વારા થેલી અને ખીચડો આપવાનો કાર્યક્રમ



દાહોદ,

દશેરાના મેળા દરમ્યાન વિનામૂલ્યે સર્વે રોગ (સ્વાઈન ફ્લ્યુ-ચિકન ગુનિયા)પ્રતિરોધક સ્વાસ્થ્ય રક્ષક આયુર્વેદિક અમૃતપેય ઉકાળો-અને સરકારના પ્લાસ્ટિક ભગાઓ, ધરતી બચાઓના કાર્યક્રમ વેગ આપવાના અનુસંધાનમાં વિનામૂલ્યે આહારની કાપડની થેલી તથા વિનામૂલ્યે ખીચડો આપવાના કાર્યક્રમનું આજે તારીખ ૩-૧૦-૨૨ દેવગઢ બારીયા નગર પાલિકાના પ્રમુખ ડૉ.ચાર્મીબેન સોની તથા સરકારી આયુર્વેદિક દવાખાનાના ડોક્ટર અલ્કેશભાઈના વરદ્દહસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું. દશેરાના બે દિવસ આગળ અને બે દિવસ પાછળ કરીને કુલ પાંચ દિવસ મેળામાં આવનાર લોકો આ આયુર્વેદિક ઉકાળો-કાપડની આહારની થેલી અને મફત ખીચડાનો લાભ લઈ શકશે.

## ધાનપુરની બાટણપુરા ફળિયા વર્ગ પ્રાથમિક શાળાના બાળકોએ ગરબાની રમઝટ બોલાવી



દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના નવાનગર કલસ્ટરની બાટણપુરા ફળિયા વર્ગ પ્રાથમિક શાળા દ્વારા નવરાત્રિ પર્વ નિમિત્તે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાટણપુરા ગામના ચામુંડા માતાજીના મંદિરે ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાટણપુરા પ્રાથમિક શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈને નવરાત્રિ પર્વની ઉજવણી કરી હતી અને શાળાના શિક્ષકોએ પણ ગરબા રમીને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. બાળકો ડીજેના તાલે ગરબે ઘુમ્યા હતા અને ઝુમી ઊઠયા હતા તથા બાળકોમાં ગરબાના કાર્યક્રમને લઈને અનેરો થનગનાટ જોવા મળ્યો હતો તથા જોશ અને ઉત્સાહ સાથે ઉલ્લાસભેર ભાગ લીધો હતો તથા ગરબા ગાઈને માતાજીની આરાધના કરી હતી.



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ નગરમાં નવરાત્રિમાં ખેલૈયાઓ મન ભરીને ઝૂમ્યા. પગ મુકવાની જગ્યા ન હોય એટલું માનવ મહેરામણ ગરબા રમવા અને જોવા આવ્યા. માઁ પાવાગઢ થી ઉતર્યા મહાકાળી રે....જેવા ગરબાઓ પર ખેલૈયાઓએ રમઝટ બોલાવી.

## દાહોદમાં પ્રધાનમંત્રી ટીબી મુકત ભારત અભિયાન યોજનાનો આરંભ

દાહોદ,

પ્રધાનમંત્રીના ટીબી મુક્ત ભારત ૨૦૨૫ અન્વયે તા. ૯મી સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ રાષ્ટ્રપતિના અધ્યક્ષ સ્થાને ટીબી રોગ નિર્મૂલન માટે જનભાગીદારીથી ટીબીના દર્દી માટે પોષણ સહાય આપવાની યોજના શરૂ કરાઈ છે. યોજનામાં વિવિધ સરકારી ક્ષેત્રે, ઔધિયોગીક ક્ષેત્ર, ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ, સંસ્થાઓ કે સામાજીક કાર્યકર કે નાગરિકો વ્યક્તિગત ધોરણે ટીબીના દર્દીને પોષણ સહાય આપવા માટે દતક લઈ શકે છે. દતક લેનાર વ્યક્તિ કે સંસ્થાએ સરકાર દ્વારા નિયત કરાયેલ પોષણ કીટ માસિક ધોરણે દર્દીને આપવાની રહેશે. જેમાં જીલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ડોનર ને દર્દીની માહિતિ આપવામાં આવશે, ટીબીના દર્દીને દતક લેવાની યોજના દાહોદમાં ૩૫ દાતાઓ સાથે શરૂ થઈ ગઈ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.39

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા રામસાગર તળાવ કિનારે સૈયદવાડા વિસ્તારમાં

# પીવાના પાણીના સંપમાં તળાવનું દુષિત પાણી ભળતું હોવાથી સંપની કામગીરી બંધ કરવા જીલ્લા કલેકટરને આવેદન અપાયું

ગોધરા,

ગોધરા શહેરની મધ્યમાં આવેલ રામસાગર તળાવની ફરતે પાલિકા શોપીંગ સેન્ટર આવેલ છે. શોપીંગ સેન્ટરમાં આવેલ સંડાસ–બાથરૂમના દુષિત પાણીની લાઈન રામસાગર તળાવમાં ભળતા હોય છે. જયારે પાલિકા દ્વારા તળાવના કિનારે સંપ બનાવવામાં આવ્યો છે. તે સંપમાં કુદરતી રીતે પાણી ફુટીને આસપાસના રહિશો દ્વારા સંપની કામગીરી બંધ કરવા જીલ્લા અધિક કલેકટરને આવેદન આપવામાં આવ્યું.

ગોધરા મધ્યમાં આવેલ રામસાગર તળાવની ફરતે નગર પાલિકા શોપીંગ સેન્ટર આવેલ છે. આ તમામ શોપીંગ સેન્ટરોમાં આવેલ સંડાસ– બાથરૂમના ગંદા દુષિત પાણીનો નિકાલ તળાવમાં આપેલ છે. જેથી રામસાગર તળાવનું પાણી ભળતા પાણી દુષિત થાય છે. જેના પરિણામે રામસાગર તળાવનું પાણી દુષિત અને ગંદકી થયેલ જોવા મળી રહી છે. ગોધરા પાલિકા દ્વારા સૈયદવાડા પાસે શાહ મદાર છીલ્લાની નજીક થી પીવના પાણીનો સંપ બનાવવાની



કામગીરી ચાલી રહી છે. નિર્માણ થતાં સંપમાં કુદરતી રીતે તળાવનું પાણી રોજ ભરાઈ જાય છે. હાલ બની રહેલા સંપ માંથી પાણી ટાંકીમાં ચડાવીને આસપાસના વિસ્તારના રહિશોને પીવાનું



પાણી આપવા માટે ઉપયોગમાં લેનાર છે. હાલ નિર્માણ થતાં સંપમાં તળાવનું પાણી કુદરતી રીતે ભરાઈ જતું હોય તે ભવિષ્યમાં પાણી સપ્લાય માટે તૈયાર થયેલ સંપમાં તળાવનું દુષિત પાણી ભળાવાથી પીવા લાયક રહેશે નહિ. તેમ છતાં જો આ સંપ માંથી ટાંકીમાં પાણી ચડાવી પીવાનું પાણી સપ્લાય થનાર છે. જેને લઈ અનેક પ્રકારની બિમારી થવાની શકયતાઓ સેવાઈ રહી છે. તે જોતાં સંપ નજીક આસપાસ રહેતા રહિશો દ્વારા પંચમહાલ જીલ્લા અધિક કલેકટરને આવેદન આપવામાં આવ્યું છે. તેમાં જણાવવામાં આવ્યું છે. સ્થાનિક રહેવાસી શરીફઅલી આર. સૈયદ દ્વારા તા.૨૩/૮/૨૦૨૨ રોજ સંપ માંથી પાણીના સેમ્પલ લઈને જીઓ એન્જીનિયરીંગ સર્વિસ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. તેનું ૨૬/૮/૨૦૨૨ નારોજ અધિકૃત અધિકારી દ્વારા સેમ્પલ ચેક કરી તારણ આપવામાં આવ્યું કે, આ સંપમાં તળાવ પાણીનું ગંદુ પાણી મિકસ થાય છે. જેથી પીવાલાયક નથી. તેને ઉપયોગમાં લઈ શકાય તેમ નથી. જેથી રામસાગર તળાવ ખાતે બનાવેલ સંપની કામગીરી તાકીદે બંધ કરવા આવે અને બાંધકામ થયેલ સંપને તોડવામાં આવે તેવી માંગ કરી જો સંપની કામગીરી બંધ નહિ કરાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

## ગોધરા લાલબાગ ટેકરી પાસે દશેરાએ ૩૫ ફુટના રાવણના પુતળાનું દહન કરી ઉજવણી કરવા પાલિકાએ તૈયારી પુરી કરી



ગોધરા,

ગોધરા લાલબાગ ટેકરી ખાતે વિજયા દશમી દશેરાના દિવસે રાવણ દહન માટે ૩૫ ફુટ રાવણનું પુતળા તૈયાર કરવામાં આવ્યું.

ગોધરા શહેરમાં બે વર્ષ કોરોના કાળમાં દશેરા નિમિતે રાવણ દહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો ન હતો. ચાલુ વર્ષે નગર પાલિકા દ્વારા લાલબાગ ટેકરી મેદાન ખાતે વિજયા દશમી દશેરાની ઉજવણી કરવા માટે ૩૫ ફુટના રાવણના પુતળું તૈયાર કરવામાં આવ્યું છે. દશેરાના દિવસે પાલિકા દ્વારા રાવણના પુતળાનું દહન કરી અને આતશબાજી કાર્યક્રમ સાથે આસુરી શકિત સામે દેવી શકિતના વિજયના રૂપમાં મનાવવામાં આવશે.

## હાલોલ તાલુકાના ચાંપાનેર પ્રાથમિક શાળામાં ૧૧૪ માં સ્થાપના દિનની ઉજવણી કરાઈ




હાલોલ,

હાલોલ તાલુકાના ચાંપાનેર પ્રાથમિક શાળામાં ૧૧૪ માં સ્થાપના દિનની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી. જેમાં અલગ અલગ મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. જેમાં સૌપ્રથમ ૧૧૪ વૃક્ષ ચાપાનેર વિસ્તારમાં ઉછેરવાનું આયોજન કરાયું હતું. જયારે શાળાના સ્થાપના દિન નિમિત્તે સમાજમાંથી ૧૧૪ પુસ્તકો ભેટ લેવાનું અભિયાન ચલાવવામાં આવ્યું હતું અને ૧૫૦ ઉપરાંત પુસ્તકો સમાજમાંથી ભેટ મળી હતી. જેમાં શાળાના સ્થાપના પર્વ નિમિત્તે ૧૧૪ કિલોગ્રામ બિનઉપયોગી પ્લાસ્ટિક રિસાયકલિંગ માટે આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત સ્થાપના દિન નિમિત્તે રક્તદાન શિબિરનું આયોજન કરાયું હતું જેમાં બ્લડ યુનિટ એકત્રિત કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિરની મુલાકાત શાળાના વિદ્યાર્થીઓએ પણ લીધી હતી જેમાં ભવિષ્યમાં રક્તદાન માટે આ વિદ્યાર્થીઓએ તૈયારી દર્શાવી હતી અને શાળા ખાતે ખૂબજ અનોખી રીતે શાળાના સ્થાપના દિનની ઉજવણી કરી હતી.

## સુપ્રસિધ્ધ યાત્રાધામ માહાકાળી માતાના મંદીરે હાલોલ ના.પોલીસ અધિક્ષક અને સ્ટાફ દ્વારા ધ્વજા અર્પણ કરાઈ

પાવાગઢ,

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે ડુંગરની ટોચ પર બિરાજમાન જગતજનની મહાકાળી માતાજીના જુના પૌરાણિક મંદિરને પૂર્ણ નિર્માણ કરી કરોડોના ખર્ચે મહાકાળી માતાજીના અતિ વૈભવી અને તમામ સુખ સુવિધાઓથી સજ અને એક સાથે બે હજાર ભકતો દર્શન કરી શકે તેવા વિશાળ મંદિર બનાવ્યા બાદ ૫૦૦ વર્ષ પછી મહાકાળી માતાજીના મંદિરના શિખર પર વડાપ્રધાન નરેન્દ્રમોદીના વરદ હસ્તે ઐતિહાસિક ધ્વજારોહન કરાયા બાદ યાત્રાધામ પાવાગઢ ખાતે માતાજીના મંદિરે નવરાત્રીમાં



ભકતજનોની આગવીને માન આપી મંદિરના શિખર પર મર્યાદિત સંખ્યામાં ભક્તજનો ધજા ચડાવી શકે તેવો મંદિર ટ્રસ્ટ દ્વારા આવકાર્ય નિર્ણય લેવાતા સમગ્ર નવરાત્રી દરમિયાન મહાઅનુભવોએ માતાજીને ધજા અર્પણ કરી ભારે શ્રદ્ધા અને આસ્થા સાથે માતાજીના મંદિરે ધજા ચડાવી હતી. જે અંતર્ગત મંગળવારના રોજ આસો નવરાત્રીના નવમા નોરતે હાલોલ નાયબ પોલીસ અધિક્ષક વિક્રમસિંહ રાઠોડ સાહેબના વરદ હસ્તે મહાકાળી માતાજીના મંદિરના શિખર પણ ધ્વજા ચડાવવામાં આવી હતી જેમાં ડીવાયએસપી વિક્રમસિંહ રાઠોડ સાહેબ, હાલોલ સર્કલ પીઆઈ. પલાસ તેઓના સ્ટાફ અને બંદોબસ્તમાં રોકાયેલા પાવાગઢ પોલીસ મથકના પી.એસ.આઇ. આર.જે. જાડેજા અને પાવાગઢ પોલીસ સ્ટાફે મહાકાળી માતાજીની પૂજા અર્ચના કર્યા બાદ પૂજારી દ્વારા ધાર્મિક વિધિ અનુસાર ધજાજીનું પૂજા કરાવ્યા બાદ ડીવાયએસપી વિક્રમસિંહ રાઠોડના વરદ હસ્તે તેમજ સ્ટાફ દ્વારા માતાજીના મંદિરે આસ્થા અને શ્રદ્ધાપૂર્વક ધ્વજા ચડાવવામાં આવી હતી.

## શહેરાના ધારાપુર-કોતરીયા રોડ ઉપર છકડો પલ્ટી જતાં છકડામાં બેઠેલ મહિલાનું ઈજાઓ થતાં મોત

શહેરા,

શહેરા તાલુકાના ધારાપુર થી કોતરીયા આવતા રોડ ઉપર છકડા ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી છકડો રોડ ઉપર પલ્ટી ખવડાવી મુસાફર મહિલાને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના ધારાપુર થી કોતરીયા આવતાં રોડ ઉપર થી પસાર થતાં છકડા નંબર જીજે.૧૭.યુ.૭૮૯૮ના ચાલકે પોતાનો છકડો રીક્ષા પુરઝડપે હંકારી લાવી રોડ ઉપર છકડો પલ્ટી ખવડાવી દેતાં છકડામાં બેઠેલ મહિલા શારદાબેન રયજીભાઈ ડાભી રહે. હોંસેલાવને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતા દવા સારવાર દરમિયાન મહિલાનું મોત નિપજાવા પામ્યું. જયારે છકડાને પલ્ટી ખવડાવી ચાલક નાશી છુટતાં આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા તુલસીધામ સોસાયટી માંથી નોકરી જવા નિકળેલ ૧૮ વર્ષીય યુવતિ કયાંક ચાલી જતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા એફ.સી.આઈ. ગોડાઉનની સામે આવેલ તુલસીધામ સોસાયટીમાં રહેતા ૧૮ વર્ષીય યુવતિ ઘરેથી નોકરી જવાનું નિકળી કયાંક જતી રહી ગુમ થયેલ હોય આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એફ.સી.આઈ. સામે આવેલ તુલસીધામ સોસાયટીમાં રહેતી મનિષાબેન અનીલભાઈ વણઝારા તા.૧૯ સપ્ટેમ્બર નારોજ પોતાના ઘરેથી મોલ ઉપર નોકરી ઉપર જવા નિકળી હતી અને કોઇ ને કહ્યા વગર કયાંક ચાલી જઈ ગુમ થયેલ હોય આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

## દે.બારીઆમાં અવાજ નહિ કરવા જણાવતાં ઈસમે લાકડીના ફટકા મારી હાથ ફેકચર કરી નાખતા ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ નગરમાં અવાજ નહીં કરવા જણાવતાં એકે લાકડીના ફટકા મારી હાથ ફેક્ચર કરી નાંખતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૨૩મી સપ્ટેમ્બરના રોજ દેવગઢ બારીઆ નગરમાં કસ્બા વિસ્તારમાં રહેતો અબ્દુલગફાર ઉર્ફે સદ્દામ લતીપભાઈ ખોખર ૦પોતાના ઘરની બહાર નીકળી વાસણમાં અનાજ ભરી ખખડાવતો હતો અને મરઘાઓ બોલાવતો હતો. જેથી તેની ઘરની બાજુમાં રહેતાં રીયાજ અહેમદ ઝહીરભાઈ ખોખરે પોતાના ઘરની બહાર નીકળી અબ્દુલગફારને કહેલ કે માતા પિતા નાઈટની નોકરી કરી ઘરમાં સુતા છે અને તું કેમ અવાજ કરે છે, તારે ભાઈ મરઘાઓને દાણા ખવડાવવા હોય તો તું નાખી દે ખાલી ખોટો અવાજ ન કર, મારા પપ્પાની ઉંઘ બગડે છે, તેમ કહેતાં અબ્દુલગફાર એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને બેફામ ગાળો બોલી, પોતાના ઘરમાંથી લાકડી લઈ આવી રીયાજભાઈને હાથના ભાગે મારી હાથ ફેક્ચર કરી નાંખતાં આ સંબંધે ઈજાગ્રસ્ત રીયાજ અહેમ ઝહીરભાઈ ખોખરે દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીઆ પિયરમાં રહેતી અને ગોધરા લગ્ન કરેલ પરણિતાએ સાસરીયાઓ ત્રાસ આપી ઘર માંથી કાઢી મૂકતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ નગરમાં પોતાના પિયરમાં રહેતી અને પંચમહાલના ગોધરા મુકામે લગ્ન કરાવેલ લઘુમતી કોમની પરણિતાને તેના પતિ તથા સાસરીયાઓ દ્વારા શારિરીક અને માનસીક ત્રાસ આપી પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતાં પરણિતા પોતાના પિયરમાં આવી પહોંચી હતી અને પતિ તથા સાસરીયાઓ વિરૂદ્ધ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવી હોવાનું જાણવા મળે છે.

હાલ પોતાના પિયર દેવગઢ બારીઆ નગરના વાકલેશ્વર રોડ, કાજીની વાડી ખાતે રહેતાં પરણિતા આશીયાબાનુ મોઈનખોન મહમદ સહીદખાન પઠાણના લગ્ન પંચમહાલ જિલ્લાના ગોધરામાં કડીયાવાડ ખાતે રહેતાં મોઈનખાન મહમદ સહીદખાન પઠાણ સાથે થયાં હતાં. લગ્નના થોડા સમય સુધઝી આશીયાબાનુંને પતિ તથા સાસરીયાઓ દ્વારા સારૂ રાખ્યા બાદ પતિ તથા સાસરીયાઓનું પોત પ્રકાશ્યું હતું અને પતિ મોઈનખાન તેમજ સાસરીપક્ષના રૂકશાનાબાનુ મહમદ સહીદખાન પઠાણ અને તનજીમબાનુ મહમદ સહીદખાન પઠાણ દ્વારા પરણિતાને મેણા ટોળા મારી ઝઘડો તકરાર કરી ગાળો બોલી કહેતા હતાં કે, તું તારા બાપાના ઘરે જતી રે, અમારે તને રાખવી નથી અને જો તું અમારા ઘરેથી નહીં નીકળે તો તને જાનથી મારી નાંખીશુ, તેવી ધમકીઓ આપી, શારિરીક અને માનસીક ત્રાસ આપી પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતાં પરણિતા પોતાના પિયર દેવગઢ બારીઆ મુકામે આવી પહોંચી હતી અને પોતાના પતિ તથા સાસરી પક્ષના લોકો વિરૂધ્ધ દેવગઢ બારીઆ પોલીસ મથખે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હાલોલ ગોપીપુરા ખાતે ગરબા મહોત્સવમાં આવેલ ગુજરાતી લોકગાયિકા મમતાં સોનીએ મચાવી ધૂમ, યુવાનો જોવા માટે ઝાડ ઉપર ચઢયા










હાલોલ,

ગુજરાતી ફિલ્મની લોકપ્રિય અભિનેત્રી મમતા સોની ગોપીપુરા ગ્રુપ ગ્રામ પંચાયત આયોજિત નવરાત્રિનાં ગરબા મહોત્સવનાં સાતમા નોરતે આવતા પચાસ હજાર થી વધુ લોકો જોવા આવતા ગરબા ગ્રાઉન્ડ લોકોથી ગીચો ખીચ ભરેલું જોવા મળ્યું હતું. જ્યારે અમુક તેના ચાહકો ગ્રાઉન્ડ સુધી પહોંચ્યા જ નહીં.

હાલોલના ગોપીપુરા ગ્રુપ ગ્રામ પંચાયત દ્વારા લોકપ્રિય અભિનેત્રી મમતા સોનીનું ફૂલોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારે મમતા સોનીએ સાયરીનો વરસાદ વરસાવી યુવાનોને ગાંડા કરી દીધા હતાં.

ગરબા ગ્રાઉન્ડ ખાતે લોકોની વધુ ભીડ હોવાને કારણે ગુજરાતી ફિલ્મની લોકપ્રિય અભિનેત્રી મમતા સોની દ્વારા માત્ર ૧૫ મિનિટ જેટલો પ્રોગ્રામ કરવામાં આવ્યો.

મમતા સોની આવતા લોકોનો ધસારો વધતાં હોવાને ત્યાંના લારી ચાલકોને પણ આવકમાં વધારો જોવા મળ્યો હતો.

ગુજરાતી ફિલ્મની લોકપ્રિય અભિનેત્રી મમતા સોની ગરબા ગ્રાઉન્ડ ખાતે આવતા ગરબા ગ્રાઉન્ડ ગીચો ખીચ ભરેલું હોવાથી તેના ચાહકોએ વૃક્ષ પર ચડીને પણ મમતા સોની ના પ્રોગ્રામ નો આનંદ માણ્યો હતો.

લોકપ્રિય અભિનેત્રી મમતા સોની દ્વારા શાયરી અને ડાન્સ કરીને લોકોને આકર્ષિત કર્યા હતાં લોકગાયક કલાકાર ગોપાલભાઈ ચાડસ્મા તથા શુરેશભાઈ ચાડસ્માના મધુર કંઠે સાતમી નવરાત્રીના પવિત્ર દિવસે પચાસ હજાર થી વધુ ખેલૈયાઓએ ગરબા રમતા આહલાદક દ્રશ્ય સાથે ખેલૈયાઓએ આનંદ માણ્યો હતો. ગોપીપુરા ગ્રામ પંચાયત પૂર્વ સરપંચ રામચંન્દ્રભાઈ બારીયા સાથે રતીલાલ ભાઈ બારીયા તથા ડેપ્યુટી સરપંચ બુધા કાકા સહીત પંચમહાલ હિન્દુ ધર્મ સેનાના સંયોજકો સહીત આજુ બાજુન ગામડાઓના યુવાઓ તેમજ હાલોલ અને પંચમહાલ વિસ્તારના દુર દુરથી ખેલૈયાઓ સહીત યુવાઓ જોવ મળ્યા હતા.

જયારે ગરબા ગ્રાઉન્ડ ખાતે રોડ પર વધુ ટ્રાફિક થતા મમત સોનીની કાર બે કલાકથી વધુ ટ્રાફિકમ ફસાઈ હોવાનું જાણવા મળ્યું હતું.

## ઝાલોદના લીમડી નગરમાં બંધ મકાનને તસ્કરો નિશાન બનાવી ૩૪ હજારની મત્તાની ચોરી કરી

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં એક બંધ મકાનમાં તસ્કરોએ હાથફેરો કરી સોના–ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપીયા મળી કુલ રૂા. ૩૪,૨૦૦ની ચોરી કરી લઈ નાસી જતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે..

ગત તા.૩૦મી સપ્ટેમ્બરના રોજ લીમડી નગરમાં કારઠ રોડ ખાતે આવેલ ગુરૂ ઉમેશનગર સોસાયટીમાં રહેતાં અર્પિતકુમાર અભયકુમાર છાજેડના બંધ મકાનમાં તસ્કરોએ મકાનના દરવાજાનો નકુચો તોડી પ્રવેશ કર્યો હતો અને મકાનમાં મુકી રાખેલ સોના – ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપીયા મળી કુલ રૂા. ૩૪,૨૦૦ની ચોરી કરી અંધારાના લાભ લઈ નાસી જતાં આ સંબંધે અર્પિતકુમાર અભયકુમાર છાજેડે લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.